

મારામાંથી જે નીકળી જાય છે અને પુદ્‌ગલદ્રવ્ય જેનો સ્વામી છે એવા રાગનો સ્વામી હું સદાય નહીં થતો હોવાથી મમત્વહીન છું. રાગના સ્વામીપણે નહીં થવું એ મિથ્યાત્વના ત્યાગની વિધિ છે.

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*


કહાન સં. ૨૩ સં. ૨૦૫૯ [૭૧૧] * **આત્મધર્મ** * [અંક-૭ વર્ષ-૫૯] વીર સં. ૨૫૨૯ જાન્યુઆરી-૨૦૦૩

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે અને પુદ્ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે; આમ તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી (બંને ભિન્ન દ્રવ્યો હોવાથી) તે બંને પરસ્પર અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને પામવા અસમર્થ છે. જીવ–પુદ્ગલને કર્તાકર્મપણું છે એવી ભ્રમબુદ્ધિ અજ્ઞાનને લીધે ત્યાં સુધી ભાસે છે (–થાય છે) કે જ્યાંસુધી (ભેદજ્ઞાન કરનારી) વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ નિર્દય રીતે (ઉગ્ર રીતે) જીવ–પુદ્ગલનો તત્કાળ ભેદ ઉપજાવીને પ્રકાશિત થતી નથી. ૭૧૫.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૫૦)*

❀ મોહને કારણે જે પદાર્થને ઈષ્ટ માનવામાં આવે છે તે જ અનિષ્ટ તથા જે પદાર્થને અનિષ્ટ માનવામાં આવે છે તે જ ઈષ્ટ થઈ જાય છે. વાસ્તવમાં કોઈ દ્રવ્ય ઈષ્ટ કે અનિષ્ટ નથી. ૭૧૬.

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા–૩૬)*

❀ અબ્રહ્મભાવકા ત્યાગ બ્રહ્મચર્ય હૈ. મિથ્યાત્વભાવ મદભાવ આદિ સર્વ રાગાદિ દોષોંકા ત્યાગ બ્રહ્મભાવ હૈ તથા આત્માકા શુદ્ધ સ્વભાવ બ્રહ્મ હૈ. ઈસલિયે અપને આત્માકા નિજ સ્વભાવમેં રહના બ્રહ્મચર્ય હૈ ઐસા જિનેન્દ્રને દેખા હૈ. ૭૧૭.

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૩૫૮)*

❀ ચેતન અને અચેતન એ બન્ને ભિન્ન તત્ત્વ છે. તેમના ભિન્ન સ્વરૂપનો વિચાર કરવો તેને વિવેક કહેવામાં આવે છે. તેથી હે આત્મા ! તું આ વિવેકથી ગ્રહણ કરવાયોગ્ય જે ચૈતન્યસ્વરૂપ છે તેનું ગ્રહણ કર અને છોડવાયોગ્ય જડતાને છોડી દે. ૭૧૮.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, એકત્વ સપ્તતિ, શ્લોક–૭૩)*

❀ પૂર્વકર્મોંકે ઉદયસે પીડા હો જાને પર ઉસકે લિયે શોચ કરના ઐસા હી હૈ જૈસા કોઈ વૃદ્ધ બૈલ અપનેસે હી અપનેકો કાટ લે ફિર પૂંછસે અપનેકો હી મારે. ૭૧૯.

*(શ્રી કુલધરઆચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૩૦૫)*

❀ જે જિનપ્રભુના મુખારવિંદથી વિદિત (પ્રસિદ્ધ) છે, જે સ્વરૂપમાં સ્થિત છે, જે મુનીશ્વરોના મનોગૃહની અંદર સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે, જે આ લોકમાં દર્શનમોહાદિ પર વિજય મેળવેલા યોગીઓથી નમસ્કાર કરવાયોગ્ય છે અને જે સુખનું મંદિર છે, તે સહજ તત્ત્વને હું સદા અત્યંત નમું છું. ૭૨૦.

*(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૧૫૦)*

કહાન
સંવત-૨૩
વર્ષ-૫૯
અંક-૭
[૭૧૧]

વીર
સંવત
૨૫૨૯
સં. ૨૦૫૯
JANUARY
A.D. 2003






શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


# કર્મ-ક્ષયનું કારણ એક શુદ્ધોપયોગ જ છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૧૪)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો બીજો અધિકાર ચાલે છે. તેમાં ૬૬મી ગાથા લેવાની છે.

> वंदउ णिंदउ पडिकमउ भाउ असुद्धउ जासु ।
> पर तसु संजमु अत्थि णवि जं मण-सुद्धि ण तासु ॥६६॥

અહીં જ્ઞાનીના વ્યવહારની વાત છે. અતીન્દ્રિય આત્માના શ્રદ્ધા-જ્ઞાન તો છે પણ ચારિત્ર નથી ત્યાં સુધી તેને વંદન આદિ શુભપરિણામ હોય તેને નિયમથી સંયમ કહી શકાતો નથી. શુભભાવ પણ ચારિત્રની અપેક્ષાએ અશુદ્ધભાવ છે—મલિન છે.

અર્થ:—નિ:શંક વંદના કરો, નિંદા કરો, પ્રતિક્રમણાદિ કરો પણ જેને, જ્યાં સુધી અશુદ્ધ પરિણામ છે તેને નિયમથી સંયમ હોઈ શકતો નથી. કેમકે તેને મનની શુદ્ધતા નથી. જેનું મન શુદ્ધ નથી તેને સંયમ ક્યાંથી હોઈ શકે ?

ભગવાનની વંદનાનો, પોતાના પાપોની નિંદાનો, પ્રતિક્રમણનો, પ્રાયશ્ચિત આદિનો શુભભાવ આવે છે ત્યાં સુધી અશુદ્ધ પરિણામ છે. તેને નિયમથી સંયમ નથી. સંયમ તો શુદ્ધ ભાવ છે. એ તેને નથી કેમકે સાચા શ્રદ્ધા-જ્ઞાન હોવા છતાં જે પ્રકારનો શુદ્ધભાવરૂપ સંયમ હોય તેવો તેને હોતો નથી. જેના મનમાં શુભભાવ છે તેને શુદ્ધોપયોગરૂપ પરિણમન ક્યાંથી હોય ! જેટલાં વ્યવહારના વિકલ્પ છે તે બધાં અશુદ્ધ છે, પુણ્યબંધના કારણ છે.

ભગવાન આત્મા નિત્યાનંદમૂર્તિ છે. આપ્નોતિ પ્રાપ્નોતિ ઇતિ આત્મા એવો એક શબ્દ પંચાધ્યાયીમાં આવે છે. શુદ્ધસ્વભાવની શુદ્ધ દૃષ્ટિ, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધોપયોગને આત્મા પ્રાપ્ત કરે તો તેને સંયમ કહેવાય છે. આ સંયમ-ચારિત્રને મુક્તિનું કારણ કહેવાય છે. જેમાં મનમાં શુભભાવ પણ ન રહે—એકલો શુદ્ધભાવ પ્રગટ હોય તેને સંયમ કહે છે. આવી દશા ચોથાકાળમાં જ હોય અને પંચમકાળમાં ન હોય એમ નથી.

શ્રીમદ્ કહે છે ને કે 'દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે.' જુઓ ! જેના સ્વભાવઘરમાં એકલી શુદ્ધતા અને પવિત્રતા જ પડી છે તેની દૃષ્ટિ, જ્ઞાન સહિત અંતર રમણતા હોય તેને જ સંયમ છે. દૃષ્ટિ-જ્ઞાન સમ્યક્ હોય પણ અંતરમાં રમણતા ન હોય અને શુભવિકલ્પ હોય તેને સંયમ કહેતાં નથી.

ચૈતન્ય વસ્તુ અનંત મહા ગુણોનો રત્નાકર છે તેની અંતર રુચિ અને જ્ઞાન સહિતની અંતર રમણતા તે સંયમ છે. જેટલું મન બહાર ભટકે—શુભવિકલ્પમાં રહે, તો સંયમ નથી. તો પછી આત્માના ભાન વિના એકલાં શુભ ક્રિયાકાંડને તો સંયમ કેમ કહેવાય ! અહીં તો જે મુક્તિનું સીધું કારણ છે એવા સંયમ ચારિત્રની વાત છે.

ભાવાર્થ :—નિત્યાનંદ એકરૂપ નિજ શુદ્ધાત્માની અનુભૂતિના પ્રતિપક્ષી જે વિષય-કષાય, તેને આધીન આર્ત-રૌદ્રધ્યાનથી, જેનું ચિત્ત રંગાયેલું છે તેને દ્રવ્યરૂપ વ્યવહાર વંદન, નિંદન, પ્રતિક્રમણ આદિ શું કરી શકે ?

આત્મા કેવો છે ?—નિત્ય આનંદ-કાયમી આનંદના રૂપે ધરનાર છે. તેની પર્યાયમાં દુઃખ છે તે તેના સ્વરૂપમાં નથી, સ્વરૂપ તો નિત્ય અતીન્દ્રિય આનંદમય તત્ત્વ છે. જેના ઘરમાં નિત્ય અતીન્દ્રિય અનાકુળ શાંતરસ જ પડયા છે તે આત્મા છે. શુભાશુભ વિકલ્પ તો વિકાર છે—દુઃખરૂપ છે. તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. શરીર, વાણી અને મન તો જડ છે, પર છે. તે આત્માની ચીજ નથી.

આત્મા તો નિત્યાનંદ એકરૂપ શુદ્ધાત્મા છે. તેને અનુસરીને દશામાં આનંદની અનુભૂતિ થવી તે નિર્મળ અનુભૂતિ છે અને નિજ શુદ્ધાત્માને અનુસર્યા વિના સંયોગ અને નિમિત્તને અનુસરીને જે રાગ થાય તે દુઃખરૂપ અનુભૂતિ છે. તે આત્માની અનુભૂતિથી વિપરીત છે. આત્મા અને આત્માની નિર્મળ અનુભૂતિથી ઉલટાં આવાં વિષય અને કષાયના પરિણામમાં લીન થઈને જે આર્ત અને રૌદ્રધ્યાનમાં રંગાયેલું છે એવા મનમાં શુદ્ધતા નથી તેને વંદના, નિંદા, પ્રતિક્રમણ આદિ શું કરી શકે?

એક તો એ કે જેની દૃષ્ટિ શુદ્ધસ્વભાવ ઉપર નથી તેને વંદન, પ્રતિક્રમણ આદિ

વ્યવહાર શું શુદ્ધિ કરી શકે ! અને બીજું એ કે જેને નિશ્ચયદૃષ્ટિ છે તેને પણ દ્રવ્ય પ્રતિક્રમણ આદિ શુભભાવથી શુદ્ધભાવની સિદ્ધિ થઈ શકતી નથી.

બહારથી શુદ્ધક્રિયારૂપ આચરણ હોય પણ શુદ્ધ દૃષ્ટિ અને શુદ્ધ ઉપયોગ નથી તેને સંયમ હોતો નથી. નિજ શુદ્ધતત્ત્વ ઉપર દૃષ્ટિ નથી તેને એકલાં દ્રવ્યપ્રતિક્રમણ, દ્રવ્યપ્રત્યાખ્યાન, દ્રવ્યઆલોચના, વંદન, સ્વદોષોની નિંદા વગેરે શુભ વિકલ્પરૂપ વ્યવહાર કરવાથી 'સંયમ' થતો નથી. સમ્યગ્દર્શન સહિત હોય તોપણ જે શુભપરિણામ છે તે અસંયમભાવ છે–'સંયમ' નથી. ચારિત્રનો એ દોષ છે. સમ્યગ્દર્શન રહિત હોય તેને તો 'અસંયમ' છે અને સમ્યગ્દર્શન સહિત આવા શુભભાવ હોય તો એ 'ચારિત્રનો દોષ' છે, સંયમ નથી.

અહીં વિશેષ કરીને મિથ્યાદૃષ્ટિની વાત લીધી છે કે તેને ચૈતન્યની બડાઈની તો ખબર નથી અને વ્યવહાર શ્રદ્ધાની, કષાયની મંદતાની, બાહ્ય પ્રતિષ્ઠાની મોટાઈ લાગે છે તેને આત્મદૃષ્ટિ નથી. જેને દુનિયામાં પોતાની પ્રતિષ્ઠા રાખવી છે તેને આત્મપ્રતિષ્ઠાની ખબર નથી. દુનિયામાં અમારું નામ રહે, પ્રતિષ્ઠા રહે, પાછળથી કોઈ યાદ કરે તેની જેને કિંમત છે એ અસંયમી છે તેને આત્માનો પ્રેમ નથી, પ્રતિષ્ઠાનો પ્રેમ છે.

શુદ્ધસ્વભાવના ભાન વિના જીવને બાહ્યમાં સેંકડો મનોરથો હોય છે. કોઈપણ રીતે બહારમાં હું અધિકપણે ગણાઉં એવો એને અનેક પ્રકારનો ભાવ અભિપ્રાયમાં પડયો હોય છે. દુનિયામાં, આબરૂમાં, કીર્તિમાં, ધર્મને બહાને શાસ્ત્રમાં, ભણતરના બહાને વિશેષ ભણતરમાં, કહેવાના બહાને બોલવામાં, શિષ્યોમાં--એમ અનેક પ્રકારે બહારથી લાભની ભાવના પડી હોય છે. અમે દુનિયામાં ધર્મની પ્રભાવના કરીએ છીએ, બધાંને લાભ આપીએ છીએ, સેવા કરીએ છીએ એમાં શું નુકશાન છે ! એવી અંદરમાં ઊંડે મિથ્યાત્વની મીઠાશ પડી છે તેથી બહારની પ્રતિષ્ઠા અને આબરૂમાં જ આખું જીવન ગાળે છે તેને અસંયમ છે, ભલે તે શુભક્રિયા અને શુભભાવ કરતો હોય છતાં અસંયમી છે.

અંદર અભિપ્રાયમાં મોટા મિથ્યાત્વના શલ્ય પડ્યાં હોય તેને શુભભાવ શું કરી શકે ! અંદરમાં....शतसहस्त्र विकल्पजालमाला...સહસ્ર વિકલ્પોની હારમાળા ચાલું હોય, જેમ એક પછી એક પૂણી નીકળ્યાં કરે તેમ એક પછી એક શુભભાવ વિકલ્પોની માળા ચાલ્યા જ કરે છે. તેમાંથી તેને પોતાની વસ્તુ શું છે એ સમજવા માટેનો સમય જ મળતો મથી.

શ્રોતા :—આ વાત સાંભળવી તો સહેલી છે પણ પકડવામાં બહુ ઝીણી લાગે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—સાંભળે એટલે જાણે સમજાય ગઈ લાગે પણ અંદરમાં વિવેક કરવો એ સૂક્ષ્મકાર્ય છે. સાંભળવું એ તો સ્થૂળ છે પણ વિવેક કરવો એ સૂક્ષ્મ છે. તેના માટે ઘણું ધીરૂં થવું જોઈએ. સાંભળવામાત્રથી મને પકડાય છે એમ લાગે તો તેના સ્વચ્છંદતાના ભાવ છે એ પકડવા કઠણ છે.

શુદ્ધ જ્ઞાયકમૂર્તિની દૃષ્ટિ નથી, સ્થિરતા નથી અને વિકલ્પની જાળમાં ધમાધમ કરે છે તેને કદાચિત્ શુભક્રિયા હોય તોપણ તે શું કરે! વિકલ્પોની પરંપરાના પ્રપંચથી ઉત્પન્ન થયેલાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં વર્તનારા એવા અજ્ઞાનીને શુભક્રિયા હોય તોપણ ભાવસંયમ નથી, અસંયમ જ છે. અંતર દૃષ્ટિ અને વલણ વિના શુભક્રિયા કે શુભભાવ કાંઈ કરી શકતાં નથી.

આ રીતે મોક્ષ, મોક્ષ-ફળ, મોક્ષમાર્ગ આદિનું કથન કરવાવાળા બીજાં મહા અધિકારમાં નિશ્ચયનયથી પુણ્ય-પાપ બંને સમાન છે--આ વ્યાખ્યાનની મુખ્યતાથી ચૌદ દોહા કહ્યાં. આગળ શુદ્ધોપયોગના કથનની મુખ્યતાથી ૪૧ દોહામાં વ્યાખ્યાન કરીએ છીએ અને આઠ દોહામાં પરિગ્રહત્યાગના વ્યાખ્યાનની મુખ્યતાથી તથા તેર દોહામાં કેવળજ્ઞાનાદિ ગુણસ્વરૂપથી બધાં જીવ સમાન છે એવું વ્યાખ્યાન છે.

હવે પ્રથમ જ રાગાદિ વિકલ્પની નિવૃત્તિરૂપ શુદ્ધોપયોગમાં સંયમાદિ બધાં ગુણ રહે છે એમ વર્ણન કરે છે.

પ્રવચનસારની ૨૭૪ ગાથામાં આ જ વાત છે. શુદ્ધોપયોગમાં જ સંયમ, તપ, ચારિત્ર, નિર્વાણ આદિ સમાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન હોવા છતાં શુદ્ધોપયોગ વિના સંયમાદિ ગુણ આવતા નથી.

सुद्धहँ संजमु सीलु तउ सुद्धहँ दंसणु णाणु ।
सुद्धहँ कम्मक्खउ हवइ सुद्धउ तेण पहाणु ।।६७।।

અર્થ :—શુદ્ધોપયોગીઓને જ પાંચ ઇન્દ્રિય અને મનને રોકવારૂપ સંયમ, શીલ અને તપ હોય છે, તેમને જ સમ્યગ્દર્શન અને વીતરાગસ્વસંવેદનજ્ઞાન હોય છે અને શુદ્ધોપયોગીઓને જ કર્મોનો નાશ થાય છે, માટે શુદ્ધોપયોગ જ જગતમાં મુખ્ય છે.

સ્વભાવની દૃષ્ટિમાં અંદર સ્થિરતાનો શુદ્ધોપયોગ હોય છે તેને જ સંયમ હોય છે. તેને જ સંયમ અને શીલ તથા તપ હોય છે. ભગવાનના મુનિદશાના ઉપવાસની કોઈ કોપી કરે તો તેને તપ થતો નથી. રોટલાં ન ખાવા તે ઉપવાસ નથી પણ અપવાસ છે. એવા અપવાસ તો અનંતકાળમાં ઘણાં કર્યાં પણ રાગનો ખોરાક એણે

કદી છોડ્યો નથી. રાગનો ખોરાક છોડે ત્યારે અણાહારી થાય અને અમૃતનો સ્વાદ આવે. ઋષભદેવ ભગવાન (મુનિપણામાં) અતીન્દ્રિય આનંદના સ્વાદમાં મસ્ત હતાં, પોતાની શુદ્ધતાનો અંતરમાં વિજય પ્રાપ્ત કર્યો હતો. તે તપથી મુનિદશામાં કર્મનો ક્ષય કરીને ભગવાન થયાં હતાં.

સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ કોણ છે, તેનું સ્વરૂપ શું છે, આત્માનું સ્વરૂપ કેવું છે, તે કેવી રીતે પ્રાપ્ત થાય તેની રીતની ખબર ન હોય અને દીક્ષા લઈ લ્યે છે તેને દીક્ષા નથી પણ દુખિયા છે, તેણે અજ્ઞાનને ઘૂંટ્યું છે—દૃઢ કર્યું છે.

પાઠમાં સંયમ, શીલ અને તપ આ ત્રણ શબ્દ કહ્યાં છે. શુદ્ધોને જ આ ત્રણેય હોય છે. વ્યવહાર સમ્યગ્દર્શન એ ખરેખર સમ્યગ્દર્શન નથી. શાસ્ત્રજ્ઞાન એ સમ્યગ્જ્ઞાન નથી. શુદ્ધાત્માનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. અંશે પણ કર્મનો ક્ષય શુદ્ધતાથી થાય છે શુભભાવથી કર્મ-ક્ષય થતો નથી. સ્વભાવની શુદ્ધતાની એકતા થતાં જ મિથ્યાત્વનો નાશ અને ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. અશુદ્ધ પરિણામથી સમ્યક્ત્વ થતું નથી. માટે આચાર્ય કહે છે કે શુદ્ધોપયોગ જ જગતમાં મુખ્ય છે.

શુદ્ધોપયોગ પરિણામને જગતમાં મુખ્ય કહ્યો એટલે કે શુદ્ધોપયોગને ધરનાર પુરુષ જ જગતમાં મુખ્ય છે. શુદ્ધોપયોગ પરિણામે પરિણમનાર જીવ જ જગતમાં પ્રધાન છે.

ભાવાર્થ :—શુદ્ધોપયોગીઓએ પાંચ ઈન્દ્રિય અને મનને રોકવું, વિષય અભિલાષાની નિવૃત્તિ અને છકાય જીવોની હિંસાથી નિવૃત્તિ, તેના બળથી આત્મામાં નિશ્ચલ રહેવું તેનું નામ સંયમ છે.

પાંચ ઈન્દ્રિય અને મન આ છ સંબંધી અભિલાષાને રોકવી અને છ કાય જીવોની હિંસાથી નિવૃત્ત થવું. આ બાર પ્રકારના વિકલ્પથી છૂટી આત્મામાં નિશ્ચલ રહેવું તેનું નામ સંયમ છે. તેને બે પ્રકારે પણ કહી શકાય. (૧) ઈન્દ્રિયનિરોધરૂપ સંયમ અને (૨) છ કાય જીવની હિંસાથી નિવૃત્તિરૂપ સંયમ. સંયમના બીજા પણ બે પ્રકાર પડે છે. (૧) ઉપેક્ષાસંયમ અને (૨) ઉપહૃતસંયમ. મન, વચન, કાયા આ ત્રણેયથી ખસીને સ્વરૂપમાં આરૂઢ રહેવારૂપ ઉપેક્ષાસંયમ-વીતરાગસંયમ છે અને પાંચ સમિતિ પાળવારૂપ ઉપહૃત સંયમ-સરાગસંયમ છે. શુદ્ધોપયોગની પરિણતિ છે ત્યારે સાથે રહેલા શુભરાગને પણ વ્યવહારસંયમ કહેવામાં આવે છે. શુદ્ધોપયોગ વિના શુભરાગને વ્યવહાર સંયમ કહી શકાતો નથી.

વાત બહુ લૂખી અને બહુ રસવાળી છે–રાગના રસથી જુદી અને વીતરાગવાળી વાત છે.

સરાગસંયમ અર્થાત્ શુભોપયોગરૂપ સંયમ અને વીતરાગસંયમ અર્થાત્ શુદ્ધોપયોગરૂપ પરમ સંયમ–આ શુદ્ધ-ચેતન-ઉપયોગીઓને જ હોય છે.

'શીલ' અર્થાત્ પોતાથી પોતાના આત્મામાં પ્રવૃત્તિ કરવી તે નિશ્ચયશીલ તથા રાગાદિના ત્યાગ દ્વારા શુદ્ધભાવની રક્ષા કરવી તે પણ નિશ્ચયશીલ છે અને દેવાંગના, મનુષ્યસ્ત્રી, તિર્યંચસ્ત્રી તથા કાષ્ટ, પત્થર, ચિત્રામાદિ અચેતન સ્ત્રી–આવા ચાર પ્રકારની સ્ત્રીઓનો મન, વચન, કાય તથા કૃત, કારિત, અનુમોદનાથી ત્યાગ કરવો તે વ્યવહારશીલ છે. આ બંને શીલ શુદ્ધ ચિત્તવાળાને જ હોય છે.

જ્ઞાનસ્વરૂપ આત્માની જ્ઞાન દ્વારા અંદરમાં પ્રવૃત્તિ કરી તેનું નામ નિશ્ચયશીલ કહ્યું છે. જેને શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન છે તેને જ શીલ હોય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન વિના શીલ હોતું નથી.

'તપ' અર્થાત્ બાર પ્રકારના તપના બળથી ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મરૂપ બધી વસ્તુઓની ઈચ્છા છોડીને શુદ્ધાત્મામાં મગ્ન રહેવું, કામ, ક્રોધાદિ શત્રુઓને વશ ન થવું, પ્રતાપરૂપ વિજયરૂપ જિતેન્દ્રિય રહેવું તે તપ છે. 'તપ' પણ શુદ્ધ ચિત્તવાળાઓને જ હોય છે.

શુદ્ધજ્ઞાનમૂર્તિ આત્મા શુભાશુભ વિકલ્પોથી રહિત છે તેની અંતર શુદ્ધ દૃષ્ટિ અને જ્ઞાનપૂર્વક સ્થિરતા કરવી, ઈચ્છાનો નિરોધ કરવો તે તપ છે. જેમાં આનંદનો વિજય થાય છે–આત્મા પ્રતપે છે એવી દશાને તપ કહેવામાં આવે છે. આવા અંતરતપના ભાન વિના તપની બાહ્ય ક્રિયા જોઈને અજ્ઞાની પણ એવી ક્રિયા કરવા લાગે તો એ સાચું તપ નથી. એ તો શેઠાણીને જોઈને બીજી બાઈ ફોતરાં ખાંડવા લાગી, એના જેવું થાય છે. શેઠાણી તો ચોખા ખાંડતી હતી એટલે ફોતરાં ઉપર આવતાં હતાં અને કસદાર ચોખા નીચે રહી જતાં હતાં. ઉપરથી ફોતરાં જોઈને બીજી બાઈ એકલાં ફોતરાં ખાંડવા લાગી, તો તેને ચોખાનો લાભ શી રીતે થાય ? તેમ ભગવાનના બાહ્ય તપને જોઈને લોકો તપ કરવા લાગ્યા છે તેથી કાંઈ લોકોને સાચું તપ થતું નથી. શુદ્ધદૃષ્ટિવાળાને તો તપમાં શુદ્ધતાની એકાગ્રતા વધતી જાય છે તે તપનો લાભ છે–મૂળ માલ છે. આહાર ન લીધો એ બહારથી દેખાયું પણ તે તો ફોતરાં સમાન છે.

ઋષભદેવે મુનિદશામાં વર્ષીતપ કર્યો હતો માટે આપણે પણ વર્ષીતપ કરો

—એમ કરીને એક દિવસ ન ખાય અને બીજે દિવસે ખાય ત્યારે વધારે ખાય, વળી તેનું વર્ષ પૂરું થયે ઉજવણું કરે... ભાઈ ! ભગવાને તારા જેવો વર્ષીતપ કર્યો ન હતો. તેં તો મિથ્યાત્વનું પાપ બાંધ્યું છે અને માને છે કે મેં વર્ષીતપ કર્યો. અંતરમાં આત્માનાં ઊંડાણમાં જઈને અમૃતનો સ્વાદ લેવો તેનું નામ તપસ્યા છે. તેને ઇચ્છાનો સ્વયં નિરોધ થઈ જાય છે અને આત્મા રાગાદિ ઉપર વિજય પ્રાપ્ત કરે છે માટે તે સાચું તપ છે. મુનિઓએ આવા તપ કર્યાં હતાં.

'આહાર લઉં' એ તો ઇચ્છા છે પણ 'આહાર છોડું' એ પણ ઇચ્છા છે અને 'આહાર હું છોડી શકું છું' એવો અભિપ્રાય મિથ્યાત્વ છે કારણ કે પરદ્રવ્યને લેવા કે છોડવા એ જીવના અધિકારની વાત જ નથી. આહાર તો જડ છે તે પોતાના કારણે આવે છે અને પોતાના કારણે જાય છે. આત્માના અતીન્દ્રિય આનંદની મીઠાશ પાસે આહારને લેવાની કે છોડવાની ઇચ્છા જ થતી નથી. અંતરમાં મુનિ એટલા મશગુલ થઈ જાય છે કે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ કોઈની ઇચ્છા જ ઉત્પન્ન થતી નથી. બે-ચાર-આઠ દિવસ થઈ જાય તોપણ આહારની ઇચ્છા થતી નથી. આવા પ્રકારે ઈચ્છાનો નિરોધ થાય છે તેને ભગવાન તપ કહે છે. આત્મા અને તેના આનંદના ભાન વિના તપ કરે છે તેના તપને 'અજ્ઞાન તપ' કહે છે.

બધી ઇચ્છાઓનો ત્યાગ કરીને મુનિ ક્યાં રહે છે ? કે અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત રહે છે. શુદ્ધાત્મામાં મગ્ન થઈ જાય છે તેનું નામ તપસ્યા કહેવાય છે. તે સિવાય આત્મા કોણ છે, શું કરી શકે છે વગેરેના ભાન વિના આહાર છોડીને બેસી જાય છે તેને કુતપ છે અને કપડાં છોડીને સાધુ થઈ જાય છે તે કુસાધુ છે.

ઈચ્છાના નિરોધની સાથે કામ, ક્રોધ, રાગ-દ્વેષાદિ શત્રુઓને વશ ન થવું પણ પોતાના સ્વભાવને વશ રહેવું તે પણ તપ છે. शुद्धात्मनि प्रतपनं विजयनं तप । આ તપની વ્યાખ્યા છે, તેના ભાન વિના અપવાસ અને પોરસિ વગેરે કરે તેથી શું ! અતીન્દ્રિય આનંદના સ્વાદપૂર્વક ઇન્દ્રિયોનો નિરોધ થયો તેનું નામ તપ છે.

ઇન્દ્રિયોનો નિરોધ કરીને ગયો ક્યાં ?—કે અતીન્દ્રિય આનંદના નાથના ઘરમાં પેઠો. ત્યાં મહા અતીન્દ્રિય સ્વાદ લેતો હોય તેમાંથી બહાર નીકળવું ગોઠે નહિ. તેને આત્માના આનંદનો વિજય છે અને ઇચ્છાનો નાશ છે. શુદ્ધતાની ભૂમિકા જોઈ છે તેમાં ઠરે છે તેને અતીન્દ્રિય આનંદના વિજયરૂપ તપ હોય છે.

દિગંબર સંતોએ કરેલી વ્યાખ્યા પણ એવી કે બીજે ગોતવા જાય તો ક્યાંય ન મળે. ૫૦-૫૦ વર્ષ ભણેલાં હોય તોપણ એકલાં ભણતરવાળાને આવા ભાવ ખ્યાલમાં

ન આવે. પરમ પવિત્ર ભગવાન આત્માનું જેને દર્શન છે, અનુભવ છે તેને આત્મામાં ઠરવું થાય તેને તપ કહેવાય છે. બાકી બધાં તો લાંઘણ કરે છે એમ બીજી જગ્યાએ આવે છે—જેમાં પરના વિષય અને કષાયની ઈચ્છાનો ત્યાગ છે તથા આત્માની સમીપમાં વાસ છે તેને ઉપવાસ છે બાકી બધાં લાંઘણ કરનારાં છે અને એમ માને છે કે તપ કરું છું તે મિથ્યાદૃષ્ટિ છે—મિથ્યાત્વમાં મોટા છે.

આત્માના આનંદને ભાવે તે ખરો આત્મા છે એવો શબ્દ ભગવતીસૂત્રમાં છે પણ આત્માને છોડીને એકલી ક્રિયા રહી ગઈ છે.

હવે 'દર્શન'નો અર્થ કરે છે. સાધક અવસ્થામાં તો શુદ્ધાત્માની રુચિરૂપ સમ્યગ્દર્શન હોય છે. શુદ્ધાત્મા એકલો શાંતરસથી ભરેલો, આનંદની ખાણ અનંત ગુણનો કંદ છે. એવા આત્માની અનુભૂતિરૂપી રુચિ તે સમ્યગ્દર્શન છે. તે શુદ્ધને હોય છે. અને કેવળી અવસ્થામાં તે સમ્યગ્દર્શનના ફળરૂપ સંશય, વિમોહ, વિભ્રમ રહિત નિજ પરિણામરૂપ ક્ષાયિક સમ્યકત્વ કેવળદર્શન તે પણ શુદ્ધને જ હોય છે. આમાં દર્શનગુણ અને શ્રદ્ધાગુણ બંને સાથે લઈ લીધા છે. શુદ્ધને જ સમ્યક્ત્વ અને શુદ્ધને જ કેવળદર્શન હોય છે. અશુદ્ધને એટલે કેવળ વ્યવહારવાળા જીવને સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાનાદિ કાંઈ હોતું નથી. નીચેના ગુણસ્થાનમાં જ્ઞાયક આત્માની દૃષ્ટિ શુદ્ધને જ થાય અને તેનું ફળ જે પરમ અવગાઢ સમકિત તે પણ શુદ્ધને જ હોય છે. વ્યવહાર સમકિતના ફળમાં આવું નિશ્ચય-ક્ષાયિક સમકિત કે કેવળદર્શન થતું નથી. શુદ્ધ એટલે શુદ્ધદૃષ્ટિ અને શુદ્ધોપયોગવાળાને જ ક્ષાયિક દર્શનના ફળ હોય છે. અશુદ્ધ દૃષ્ટિથી અને અશુદ્ધ ઉપયોગવાળાને આવા ફળ હોતાં નથી. માટે વ્યવહાર સમ્યગ્દર્શનને કેવળદર્શનનું કારણ ન સમજવું. સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન જ કેવળદર્શનનું કારણ છે.

વીતરાગ સ્વસંવેદનજ્ઞાન પણ શુદ્ધ દૃષ્ટિવાળાઓને જ હોય છે. આવા શુદ્ધજ્ઞાનનું ફળ જ કેવળજ્ઞાન છે. વ્યવહારનું ફળ કેવળજ્ઞાન નથી. કારણ અને કાર્ય બંને શુદ્ધ હોય છે. કર્મક્ષય અર્થાત્ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મનો નાશ તથા પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ તે પણ શુદ્ધોપયોગીઓને જ હોય છે. ભાવકર્મરૂપ વિકલ્પોનો નાશ કે જડકર્મોનો નાશ કે શરીરાદિ નોકર્મોનો નાશ શુદ્ધોપયોગ અને શુદ્ધ આચરણથી જ થાય છે. શુભઉપયોગ કે શુભઆચરણથી કોઈ કર્મ ટળે તેમ નથી. શુદ્ધસ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા જ કર્મના ક્ષયનું કારણ છે. તે સિવાય બીજું કોઈ કર્મક્ષયનું કારણ નથી.

(ક્રમશઃ)

*

# * પરના કર્તૃત્વનું અભિમાન છોડો *

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૯૪)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં બંધ અધિકાર ચાલે છે. મિથ્યાદૃષ્ટિની અહંબુદ્ધિનું વર્ણન ચાલે છે, તેમાં વિશેષ સ્પષ્ટતા કરે છે.

अहंबुद्धि मिथ्यादसा, धरै सो मिथ्यावंत ।
विकल भयो संसारमै, करै विलाप अनंत ॥२५॥

અર્થ :—અહંકારનો ભાવ મિથ્યાત્વ છે, આ ભાવ જે જીવમાં હોય છે તે મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિ સંસારમાં દુ:ખી થઈને ભટકે છે અને અનેક પ્રકારના વિલાપ કરે છે.

જેને ઊંધી માન્યતારૂપ મિથ્યાત્વનું શલ્ય અંતરમાં પડ્યું છે તેને હું શરીરનું ધ્યાન રાખું, હું નાતના કામ કરું, દેશની સેવા કરું, બીજાને સગવડતા આપું, બીજાને અગવડતા આપું, બીજાની હિંસા કરું એમ અનેક પ્રકારે મિથ્યા અહંકાર વર્ત્યા કરે છે. ખરેખર આત્માનું કાર્ય તો જ્ઞાન અને આનંદને કરવું તે છે તેના બદલે આ શરીરનું હલન-ચલન, ખાવું-પીવું, બોલવું હું કરું છું એવી માન્યતા કરે છે તે મિથ્યા છે.

अहंबुद्धि मिथ्यदासा—પોતાના સ્વરૂપને છોડી જ્યાં ત્યાં અહંમપણું કરવું, રાગ, દયા, દાનાદિ હું કરું છું એવી જે કર્તાપણાની બુદ્ધિ કરવી તે અજ્ઞાન છે, મિથ્યાદશા છે. આવી દશાને ધરનાર જીવ મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિ વિકલ અનાદિથી મિથ્યાદૃષ્ટિ ગાંડો થયો છે-મૂરખ થયો છે. મૂર્ખાઈવશ તે દુ:ખી થઈને સંસારમાં ભટકે છે.

પોતાના આત્મા સિવાય પરનું હું કાંઈ કરી શકું, બીજાને જીવાડી શકું, મારી શકું, સુખી-દુ:ખી કરી શકું, મંદિર બનાવી શકું, વાણી બોલી શકું, શરીરનો સદ્‌ઉપયોગ કરી શકું... એ બધો મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વભાવ છે. મૂરખ દુ:ખી થઈને આ બધું હું કરું છું એમ માને છે, કરી શકતો નથી.

હું દુકાનના થડા ઉપર બેઠો હોઉં તો ગ્રાહકોને બરાબર સાચવી શકું અથવા મિલના માણસોને સંભાળી શકું. ભાઈ ! તું આત્મા છો તું તારા હોવાપણામાં સીધું કે ઊલટું પરિણમન કરી શકે પણ જ્યાં તારું હોવાપણું નથી એવા પરના હોવાપણામાં

કાંઈ પણ કરવું તારા માટે શક્ય નથી. તું તો તારા જ્ઞાનાનંદને કરે તો તું સમ્યગ્દષ્ટિ છે, તે સિવાય શરીર, વાણી, કુટુંબ, ધંધો આદિ બહારના કામોને હું વ્યવસ્થિત કરી શકું, નોકરો પાસેથી બરાબર કામ લઈ શકું,... એવી માન્યતા કરનારો મિથ્યાદષ્ટિ અજૈન છે. જૈન હોય તોપણ તે જૈન નથી. જૈન તો તેને કહીએ કે જે પોતાના સ્વભાવ સિવાય કોઈનો કર્તા ન થાય. દયા, દાન, વ્રત, પૂજાના ભાવ આવે પણ તે મારો સ્વભાવ નહિ, એ તો વિકાર છે, હું તો તેનો જાણનાર-દેખનાર છું. બાકી દયા-દાનાદિ પરિણામને હું કરું, એ મારું કર્તવ્ય છે એમ માનનાર જૈન નથી. જૈન એટલે રાગને જીતનારો. રાગાદિનો કરનાર હું એમ માનનારો તો પોતે મિથ્યાત્વથી જીતાઈ ગયો છે માટે તે જૈન નથી.

હું ઈન્દ્રિયો વડે વિષય લઉં તેનાથી હું સુખી થાઉં--એમ માનનાર મૂઢ છે. ઈન્દ્રિયો તો જડ છે. જડ વડે ચેતનનું કાર્ય કેવી રીતે થાય ! રાગ આવે તે જુદી વાત છે. આગળ ૩૦મા પદ્યમાં કૂતરાનું દ્રષ્ટાંત આવશે કે કૂતરો સૂકા હાડકાને ચાવે તેની અણી પેઢામાં વાગે એટલે લોહી નીકળે, તો કૂતરાને એમ લાગે કે આ હાડકામાંથી લોહી આવે છે, તેમ મૂઢ મિથ્યાદષ્ટિ જીવને દાળ, ભાત, મેવા, મિઠાઈ ખાતાં પોતાને રાગ ભાવ થાય છે તો મિથ્યાદષ્ટિને એમ લાગે છે કે આ મને ખોરાકનો સ્વાદ આવે છે, કોઈ આબરૂના વખાણ કરે તો તે સાંભળવાથી મને સુખ થાય છે. ખરેખર તો પોતાનું ચિત્ત એ વિષયોમાં એકાગ્ર કરીને પોતે મજા માને છે તેનું વેદન છે. વિષયોમાંથી સુખનો સ્વાદ આવતો નથી પણ મૂરખ એમ માને છે–મિથ્યાદષ્ટિની દષ્ટિ આ રીતે મિથ્યા છે માટે તે જૈન નથી.

ભાઈ ! તારો આનંદ તો તારામાં છે ને ! તું પોતે સુખસ્વરૂપ, ત્રિકાળી આનંદનો નાથ છો. એ આનંદમાં એકાગ્રતા થાય તો અંતરમાંથી આનંદ આવે તે સાચો આનંદ છે, તે જેણે પ્રગટ કર્યો તેને જૈન કહેવાય પણ રાગમાં એકાગ્રતા કરીને રાગને જ પોતાનું કર્તવ્ય અને ફરજ માને, સમાજની વચ્ચે સ્ત્રીને હાથ પકડીને લાવ્યો છું તો તે સ્ત્રીને મારે નભાવવી જોઈએ, કુટુંબને નભાવવું જોઈએ, નાતના કામ કરવા જોઈએ એમ જે માને છે તે મિથ્યાદષ્ટિ મહા મિથ્યાત્વનું પાપ કરે છે, તેને જૈન કહેવાતો નથી.

विकल भयौ संसारमें–જ્યાં હોય ત્યાં અભિમાન કરે. સંસારમાં અનેક પ્રકારે અજ્ઞાનીજીવ વિલાપ કરે છે. સાધુ નામ ધરાવીને પણ જે એમ માને છે કે મેં આટલાં શ્લોકો બનાવ્યાં, આટલા પુસ્તકો તૈયાર કર્યા, જગતના જીવોને સમજાવ્યા... તે બધો મિથ્યાત્વ ભાવ છે. પુસ્તક તો રજકણનો પિંડ છે. તે રજકણની ક્રિયાને કોણ કરે ?

અને અન્ય જીવોને કોણ સમજાવી શકે! ભાષાના કાર્યનો કર્તા થાય છે તેને એમ થાય છે કે હું બીજાને સમજાવી દઉં છું.

કરે વિલાપ અનંત એટલે કાઠીયાવાડી ભાષામાં કહીએ તો પોરહ કરે—અભિમાન કરે કે મેં તો આટલાં...આટલાં કામ કર્યાં છે. શેઠના કામ કર્યા, મિલના કામ કર્યા, ઘરના કામ કર્યા, લોકો જોતા રહે એવી રીતે છોકરાંના લગ્ન કર્યા... એવું વ્યવસ્થિત કામ કર્યું છે કે હવે બીજા છોકરાઓને કન્યા જલ્દી મળી જશે... એમ અનેક પ્રકારે અભિમાન કરે છે તે મૂરખ છે તેના અભિમાનને અહીં વિલાપ કહ્યો છે. અજ્ઞાનીએ પરનો સ્વામી થઈને પરના કામનો બોજો પોતાના માથે ઉપાડ્યો છે.

તો પછી કોઈનું કાંઈ કરવું નહિ ને! એ તો સ્વાર્થી થયો. ભાઈ! પરદ્રવ્યનું કામ કોઈ કરી શકતું જ નથી. સર્વ આત્માઓ અને સર્વ પુદ્ગલો સ્વતંત્ર પદાર્થ છે અને દરેક સમયે પદાર્થ પોતાની વર્તમાન પર્યાયના કાર્ય વિનાનો હોતો નથી માટે એક પદાર્થનું કાર્ય બીજો પદાર્થ કરે એમ બની શકતું જ નથી.

અમે મંદિર બનાવ્યાં, અંદર સોનું પુરાવ્યું, ચાંદીના ફૂલથી ભગવાનની પૂજા કરી...એ તો જડના કાર્ય છે તેને જીવ કેમ કરી શકે?

શ્રોતા :—શું આત્મા પાંગળો છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા. આત્મા પર માટે પાંગળો જ છે. ત્રણકાળ ત્રણલોકનો જાણનાર છે પણ કરનાર નથી.

નીચે (નાટક સમયસાર શાસ્ત્રમાં) ૯મો કળશ છે તેની પહેલી લાઈનનો શબ્દાર્થ કરીએ તો આ પ્રમાણે થાય કે અજ્ઞાની 'હું પરના કાર્ય કરું' એવા અધ્યવસાનને લઈને મફતનો મોહ કરે છે. છોકરાઓને બરાબર ભણાવીને હોશિયાર કરું... આમ કરું....તેમ કરું....એ બધો અજ્ઞાનીનો મોહ નિષ્ફળ છે. મફતનો મૂઢ થઈ રહ્યો છે. પરને કોણ કરી શકે! પરના કામ આ જીવથી ત્રણકાળમાં ન થઈ શકે. છતાં પરના કાર્ય મેં કર્યા એવું અભિમાન થાય છે તે મિથ્યાત્વનું મહાન પાપ છે જે સાત વ્યવસનથી પણ મોટું પાપ છે. અનાદિથી અજ્ઞાની આવી મિથ્યામાન્યતા કરતો આવ્યો છે, કોઈ પદાર્થમાં કર્તાપણાની માન્યતા કર્યા વગર તે રહ્યો નથી.

અજ્ઞાનીને એમ થાય કે પૈસાવાળા હોય તે ધર્મમાં મદદરૂપ થઈ શકે, ગરીબ શું કરી શકે! માટે પૈસાવાળાથી ધર્મ ટકે છે. અરે ભગવાન! પૈસા ક્યાં તારા છે કે તું પૈસાવાળો થઈ ગયો? આ તને શું થયું! પૈસા તો અજીવ છે તેને 'મારા' માનનારો

પોતે અજીવના પ્રેમમાં અજીવ જેવો થઈ રહ્યો છે. હું પૈસાવાળો, હું દીકરાવાળો, હું સારી સ્ત્રીવાળો—એવા અનેક 'વાળા' તેને વળગ્યાં છે. જગતમાં કોઈ ચીજ બાકી નથી કે જેને અજ્ઞાનથી જીવે પોતાની માની ન હોય. શ્લોકમાં આ બધું કહ્યું છે.

શરીર મારું છે, પથ્ય આહાર લઈએ તો શરીરમાં રોગ ન થાય એ બધી મૂઢની માન્યતા છે. શરીર તો જડ છે એ જીવનું ક્યાંથી થાય? અને આહાર અમુક લેવાથી રોગ ન થાય એ પણ ખોટી માન્યતા છે. અહીં તો જગતથી ઉલટી વાત છે. એક આંખની પાંપણ ફેરવવી તે પણ આત્માનું કાર્ય નથી. આંખની પાંપણ જડ છે તેનું ફરવું જડના કારણે છે પણ અરે! મૂઢે જગતમાં ક્યાંય પોતાપણું કર્યા વગર છોડ્યું નથી, આ મારું કાર્ય....આ પણ મારું કાર્ય--એમ બધાંના કર્તાપણાની માન્યતા સેવી છે. કેમ કોન્ટ્રાકટર ભાઈ! મકાન તમે બનાવો છો ને! કેમ ફલાણાભાઈ! સંચા તમે બનાવો છો ને! કેમ ઈજનેરભાઈ! તમે તો બહુ કામ કર્યા છે ને?

બાપુ! તારા તત્ત્વ સિવાય—તારા દ્રવ્ય સિવાય બીજા દ્રવ્યની હયાતી અને તેનું પરિણમન તે દ્રવ્યના કારણે છે, તારે કારણે નહિ. જગતના અનંત પદાર્થને, તારામાં રહીને તેને જાણવાનું કાર્ય તારાથી થાય એ જ્ઞાનનો તું કર્તા છે. ત્રણલોકના નાથ તીર્થંકરદેવની ભક્તિના ભાવોનો પણ કર્તા થાય છે તે મિથ્યાદષ્ટિ છે. ૨૧મા પદ્યમાં બધું આવી ગયું કે ગરીબને ફૂટી કોડી પણ ધન જેવી લાગે છે, ઘુવડને રાત્રિ જ ઈષ્ટ જેવી લાગે છે, કૂતરાને વમન જ દહીં જેવું લાગે છે, ભૂંડને વિષ્ટા જ પકવાન જેવી મીઠી લાગે છે, કાગડાને લીંબોળી દ્રાક્ષ જેવી પ્રિય લાગે છે, હિંસકને હિંસામાં જ ધર્મ દેખાય છે તેવી જ રીતે મૂર્ખને પુણ્યબંધ જ મોક્ષ સમાન પ્રિય છે. જુઓ! અંદર છે ને! આમાં કાંઈ ખાનગી રાખ્યું છે! મૂરખને શુભબંધ જ નિર્વાણ જેવો પ્રિય લાગે છે. દયા પાળી, વ્રત પાળ્યાં, ઉપવાસ કર્યા, ઉણોદરી કરી, રસપરિત્યાગ કર્યો, તેમાં પણ રાગની મંદતા હોય તો એ પુણ્ય છે તેને અજ્ઞાની ધર્મ માને છે, તેને જ નિર્વાણ માને છે. આ મૂરખની માન્યતા છે ભાઈ! વીતરાગનો માર્ગ દુનિયા કરતાં કાંઈ જુદી જાતનો છે. શુભબંધ એ કોઈ કલ્યાણનો રસ્તો નથી, રખડવાનો રસ્તો છે.

કોઈને પ્રશ્ન થાય કે ભરતરાજા, શ્રેણિકરાજા વગેરે સમકિતી હતાં પણ તેને તો રાજ્ય હતું, સ્ત્રીઓનો ભોગ હતો તો એમ કેમ? તો સમાધાન એમ છે કે ધર્મીને ખરેખર રાજ્ય કે વિષયભોગાદિ હોતા જ નથી. જેણે આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદ લીધા છે તેને વિષયભોગાદિના વિકલ્પ તો કાળાનાગ જેવા દેખાય છે, દુ:ખરૂપ લાગે છે. તેથી સમકિતી વિષયથી વિરક્ત હોય છે. સંયોગમાં રાજ્ય, સ્ત્રી આદિ દેખાય

પણ સમકિતીને તેનો પ્રેમ નથી, તેને પોતાના માનતાં નથી. તેથી સમકિતી એ વિષયાદિની ક્રિયા અને રાગથી ભિન્ન છે. જ્યારે અજ્ઞાની તો વિષય આદિમાં સુખ માને છે. એવા મૂઢ પુરુષની વાત આગળ ચાલે છે.

મૂઢ મનુષ્ય વિષયોથી વિરક્ત હોતા નથી.

रविकै उदोत अस्त होत दिन दिन प्रति,
अंजुलिकै जीवन ज्यौं जीवन घटतु है ।
कालकै ग्रसत छिन छिन होत छीन तन,
आरेके चलत मानौ काठ सौ कटतु है ॥
एते परि मूरख न खौजै परमारथकौं,
स्वारथके हेतु भ्रम भारत ठटतु है ।
लगौ फिरै लोगनिसौ पग्यौ परै जोगनिसौं,
विषैरस भोगनिसौं नेकु न हटतु है ॥२६॥

અર્થ :—જેવી રીતે ખોબામાંથી પાણી ક્રમે ક્રમે ઘટે છે તેવી જ રીતે સૂર્યના ઉદય અસ્ત થાય છે અને પ્રતિદિન જિંદગી ઓછી થાય છે. જેવી રીતે કરવત ખેંચવાથી લાકડું કપાય છે તેવી જ રીતે 'કાળ' શરીરને ક્ષીણ કરે છે. આમ છતાં પણ અજ્ઞાની જીવ મોક્ષમાર્ગની શોધ કરતો નથી અને લૌકિક સ્વાર્થ માટે અજ્ઞાનનો ભાર ઉપાડે છે. શરીરાદિ પર વસ્તુઓમાં પ્રેમ કરે છે. મન, વચન, કાયાના યોગોમાં અહંબુદ્ધિ કરે છે અને સાંસારિક વિષયભોગોથી જરા પણ વિરક્ત થતો નથી.

જેમ ખોબામાંથી પાણી ચાલ્યું જાય છે તેમ જીવન ચાલ્યું જાય છે. સૂર્યના ઉદય-અસ્તની સાથે હંમેશા જિંદગી ઓછી થતી જાય છે પણ અજ્ઞાની પરમાર્થ આત્મસ્વરૂપને ખોજતો નથી. આયુષ્ય જેટલું લઈને આવ્યો છે તેની સન્મુખ જતો જાય છે પણ અજ્ઞાની હું કોણ છું, આ શરીર અને વિકલ્પોથી જુદો હું કોણ છું તેને ખોજવાની દરકાર કરતો નથી. બાળપણ અને યુવાની ચાલી ગઈ... ક્ષણે ક્ષણે શરીર ક્ષીણ થતું જાય છે છતાં પરમાર્થ આનંદસ્વરૂપ નિજને ખોજવાની દરકાર કરતો નથી અને આયુષ્ય તો લાકડાં ઉપર કરવત મૂકાય તેમ કપાતું જાય છે છતાં અજ્ઞાની મૂરખ પોતાના ચૈતન્યને શોધતો નથી. હું ચૈતન્ય કોણ છું, મારો સ્વભાવ કેવો છે? હું ક્યાં ભાવથી રહિત છું અને ક્યાં અભાવથી સહિત છું એને ખોજતો નથી.

અરે! સમયે સમયે આયુષ્ય ઘટતું જાય છે, શરીર ઝીર્ણ થતું જાય છે પણ स्वारथके हेतु દુનિયાના લૌકિક સ્વાર્થ માટે થઈને એણે ભ્રમણાનો બોજો ઉપાડ્યો છે.

આ દીકરાને લાઈને ચડાવવા જોઈએ, દીકરીને સારાં ઘરે પરણાવવી જોઈએ એમ લૌકિકકાર્યમાં અજ્ઞાની મૂઢે મોટો મિથ્યાત્વનો બોજો ઉપાડ્યો છે. અરે ! તું ચેતન છો તારે સ્ત્રી, પુત્ર, પરિવાર જ ન હોય. અરે ! આસ્રવ પણ તારા સ્વભાવમાં નથી. તું આસ્રવથી રહિત તત્ત્વ છો તો અન્ય પદાર્થ તારા ક્યાંથી હોય કે તેનો બોજો તારે ઉપાડવો પડે ! સ્ત્રીને રાજી રાખવી, છોકરાને રાજી રાખવા, શેઠને રાજી રાખવા, અધિકારીઓને રાજી રાખવા, વેવાય-વેવાણને રાજી રાખવા, આમ બધાંને રાજી રાખવામાં અજ્ઞાનીની જિંદગી ચાલી જાય છે.

શ્રીમદે કહ્યું છે ને ! જગત કેમ મને સારો કહે, જગત કેમ મને મોટો કહે, જગત કેમ મને બીજા કરતાં જુદી જાતનો વિચીક્ષણ કહે, એમ જગતમાં સારાં થવા અને જગતને રૂડું દેખાડવામાં જીવન પૂરું થાય છે. આવા લૌકિક કાર્યોમાં ફસાઈ જઈને અજ્ઞાનીએ ભ્રમણાનો મોટો ભાર ઉપાડ્યો છે. लगी फिरै लोगनिसौ જેની સાથે પોતાને પ્રેમ હોય તેવા સગાં-સંબંધી, મિત્રો વગેરે સાથે લાગેલો રહે છે, તેમાં જ પ્રીતિ અને રુચિ કરે છે પણ હું ભગવાન જેવો કોણ છું તે જોવાનો પ્રેમ નથી. સાધુ નામ ધરાવે તોપણ શિષ્યો કરવા, પૈસા ઉઘરાવવા વગેરે કાર્યોની હોળી કર્યા કરે છે પણ પૈસાનું તારે શું કામ છે ! શેઠિયાઓની પાછળ ફર્યા કરે છો... મૂરખ છો.

पग्यो परै जोगनिसौं–મન-વચન-કાયાની ક્રિયામાં લવલીન રહે છે. એ તો જડ માટી છે પણ તેની ક્રિયાનો કર્તા પોતે થવા જાય છે. ઉપધાન કરે ત્યારે ભગવાનની પાસે સો ખમાસણા આપે છે એ દેહની ક્રિયાથી આત્માને શું લાભ થાય ! રાગની મંદતા હોય તો પુણ્ય થાય અને જો થાકથી કલુષતા થાય તો પરિણામમાં કાંઈ ઠેકાણું ન રહે.

विषैरस भोगनिसौं नेकु न हटतु है। અજ્ઞાની વિષયના રસમાંથી જરાય પાછો હટતો નથી. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ આ પાંચ ઇન્દ્રિયના વિષયોનું જ તેને ધ્યેય છે. આત્મા જ મારું ખરું ધ્યેય છે તેની એને ખબર નથી. સ્વ વિષયને છોડીને પરવિષય કે રાગાદિ કોઈમાં લક્ષ જાય છે તે વિષય જ છે. સ્વના લક્ષ વગર શુભભાવમાં ઊભો હોય તે પણ વિષય છે. ૩૧ મી ગાથામાં ઇન્દ્રિય અને ઇન્દ્રિયના વિષય—બધાંને ઇન્દ્રિય કહ્યાં છે, તે આત્મા નથી. વીતરાગની વાણીને વિષય બનાવે છે તે પણ ઇન્દ્રિય છે. જડ ઇન્દ્રિય, ભાવેન્દ્રિય-ખંડખંડજ્ઞાન અને ઇન્દ્રિયના વિષયો એ ત્રણેયને જીતે તે જિતેન્દ્રિય છે એટલે કે તેનું લક્ષ છોડી અતીન્દ્રિય ભગવાન આત્માની દૃષ્ટિ કરવી તેનું નામ 'ઇન્દ્રિયનું જીતવું' કહેવાય. આત્માનાં આનંદનો વિષય છોડીને જેટલો પર ઉપર

લક્ષ જાય છે તે બધો પરવિષય છે. દેવ-શાસ્ત્ર-ગુરુ ઉપર પણ લક્ષ રહે ત્યાં સુધી ધર્મ ન થાય.

લોકોને આ એકાંત લાગે. પરથી પણ લાભ થાય અને સ્વના આશ્રયે પણ લાભ થાય તો અનેકાંત કહેવાય એમ લોકો માને છે. તેથી પરના વિષયથી એક અંશમાત્ર ખસતો નથી. આ બંધ અધિકાર છે એટલે અહીં ભાવબંધ બતાવે છે. શુભરાગ અને તેનું નિમિત્ત પણ પરવિષય છે તેને લોકો ધર્મ માનીને બેઠા છે. એ ભ્રમણાનો ભાર છે.

સમ્યગ્દષ્ટિ રાજ્ય ભોગમાં પડ્યો છતાં તે પરવિષયથી છૂટેલો છે તે વાત આગળ આવશે. સમ્યગ્દષ્ટિ નિશ્ચયમાં લીન છે. સ્વાશ્રયદષ્ટિમાં એકાગ્ર છે, પરવિષય અને રાગથી તો મુક્ત છે. ૧૯૩ મા પાના ઉપર (નાટક સમયસારમાં) ૩૧મા પદ્યમાં આવશે : असंख्यात लोक परवन जे मिथ्यात भाव तेइ विवहर भाव केवली-उकत हैं। જેટલાં વ્યવહારભાવ છે તેને ધર્મ માને તો તેટલા જ મિથ્યાત્વભાવ થાય છે. जिन्हकौ मिथ्यात्व गयौ सम्यकदरश भयौ ते नियत-लीन विवहरसौं मुकत है। સ્વવિષયમાં જે લીન છે તે સમકિતી રાગ, દયા, દાન, ભક્તિ આદિ વ્યવહારથી મુક્ત છે.

જગતને વીતરાગની વાણી સાંભળવી દુર્લભ થઈ પડી છે. વ્યવહાર કહો કે રાગ કહો કે આસ્રવ કહો તેમાં જેની એકત્વબુદ્ધિ છે તે મિથ્યાદષ્ટિ છે કેમ કે વ્યવહાર એટલે શુભભાવ અને શુભભાવ એટલે ભાવબંધ. ભાવબંધ ઉપર જેની દષ્ટિ છે તે મિથ્યાદષ્ટિ છે. સમ્યગ્દષ્ટિ ભાવબંધથી મુક્ત છે. ભગવાનની ભક્તિ, દયા, દાન, વ્રત, પૂજા, શાસ્ત્રશ્રવણ, ચિંતવન, મનન એ બધો ભાવ વ્યવહાર છે, તેમાં એકત્વ કરવું તે મિથ્યાત્વ છે. સમકિતીને તેમાં એકત્વ નથી તેનાથી મુક્ત છે. ધર્મી તો સ્વભાવ તરફના વલણમાં અંદર ચાલ્યા જ જાય છે તેમાં રાગ તેને રોકી શકતો નથી. સ્થૂળ વિષયમાં તો ધર્મીને એકત્વ નથી પણ સૂક્ષ્મ વિષય-શુભભાવના વિષયમાં પણ ધર્મીને એકત્વ નથી.

દેવ-ગુરુને બરાબર માનો તો તમારા ભવનો છેદ થઈ જશે એમ કેટલાક કહે છે. ભાઈ ! એ તો રાગ છે—વિકલ્પ છે તેનાથી ભવનો છેદ ન થાય. રાગથી કલ્યાણ માનનારની દષ્ટિ મિથ્યા છે.

આકરું પડે કે સહેલું પડે પણ માર્ગ તો આ છે. વીતરાગભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ આમ ફરમાવે છે. આ માર્ગે ચાલનારા ધર્મી વ્યવહારમત્રની એકત્વબુદ્ધિથી છૂટી ગયાં છે. અજ્ઞાની તેમાં એકત્વ કરે છે તેથી શુભરાગથી લાભ માને છે.

સીધી આવી વાત સાંભળીને નવા માણસને એમ થાય કે અહીં તો સીધી એલ.એલ.બી.ની જ વાત છે, પહેલાં એકડાંની વાત તો કરતાં નથી. પણ ભાઈ ! આ જ સમ્યગ્દર્શનના પહેલાં એકડાંની વાત છે, એલ.એલ.બીની વાત નથી.

અજ્ઞાની પરની રુચિથી ખસતો જ નથી. પરનો પ્રેમ છે તેને આત્મા પ્રત્યે દ્વેષ છે. આવા અજ્ઞાની જીવોની મૂઢતા અહીં દ્રષ્ટાંતથી સમજાવે છે.

'અજ્ઞાની જીવની મૂઢતા ઉપર મૃગજળ અને આંધળાનું દ્રષ્ટાંત'

जैसैं मृग मत्त वृषादित्यकी तपत मांहि,
तुषावंत मृषांजल कारन अटतु है ।
तैसैं भववासी मायाहीसौं हित मानि मानि,
ठानि ठानि भ्रम श्रम नाटक नटतु है ॥
आगेकौं धुकत धाइ पीछे बछरा चवाइ,
जैसैं नैनहीन नर जेवरी बटतु है ।
वैसैं मूढ़ चेतन सुकृत करतूति करे,
रोवत हसत फल खोवत खटतु है ॥२७॥

અર્થ :—જેવી રીતે ગ્રીષ્મકાળમાં સૂર્યનો તીવ્ર આતાપ થતાં તરસ્યું હરણ ઉન્મત્ત થઈને મિથ્યા જળ તરફ નકામું જ દોડે છે, તેવી જ રીતે સંસારીજીવ માયામાં જ કલ્યાણ માનીને મિથ્યા કલ્પના કરીને સંસારમાં નાચે છે. જેવી રીતે આંધળો મનુષ્ય આગળ આગળ દોરડું વણતો જાય અને પાછળ વાછડું ચાવતું જાય તો તેનો પરિશ્રમ વ્યર્થ જાય છે, તેવી રીતે મૂર્ખ જીવ શુભાશુભક્રિયા કરે છે અથવા શુભક્રિયાના ફળમાં હર્ષ અને અશુભક્રિયાના ફળમાં ખેદ કરીને ક્રિયાનું ફળ ખોઈ નાખે છે.

આ તો વીતરાગમાર્ગની વાત છે બાપા ! જે વાત અર્ધલોકના સ્વામી ઈન્દ્રો સાંભળતા હશે તે શું કુંભાર કરે તેવી સાધારણ વાત હશે ! 'દયાથી ધર્મ થાય' એવી વાત તો કુંભાર પણ કરે છે તો શું વીતરાગ પણ એમ કહેતાં હશે ! એકભવતારી શક્રેન્દ્ર જે કથા સાંભળવા આવે તે કથા બાપુ કેવી હોય !! શક્રેન્દ્ર ઈન્દ્ર અને ઈન્દ્રાણી બંને ક્ષાયિક સમકિતી હોય છે અને મનુષ્ય થઈને મોક્ષ જવાના હોય છે એવા જીવો પણ સમવસરણમાં ભગવાન પાસે જે કથા સાંભળવા આવે તે કથા કેવી હોય ભાઈ !

શ્રોતા :—અલૌકિક હોય.

અહીં કહે છે—ઉનાળામાં હરણ પાણીની તરસથી પીડાઈને પાણી માટે આમથી

તેમ દોડે છે, મૃગજળમાં જળની કલ્પના કરીને દોડે છે પણ તેમાં પાણી ક્યાં મળે !

મુંબઈ વ્યાખ્યાનમાં આ મૃગલાની વાત કરી હતી તેના ઉપરથી ભજનમંડળીવાળાએ ગીત બનાવ્યું છે કે,

સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યાં રે લોલ,
દોડે હાંફે ઝાંઝવા જળની કાજ,
અરેરે ! સાચાં વારિ (પાણી) એને ના મળે રે લોલ...

ભર્યા સરોવર મૂકીને મૃગજળમાં પાણી શોધવા જાય તો ત્યાં ક્યાં પાણી હતું કે તેને મળે ? તેમ ભગવાન પોતે તો આનંદજળનું ભરેલું સરોવર છે તેને મૂકીને શુભ ક્રિયારૂપી મૃગજળમાં અજ્ઞાની મૃગલાં ફર્યા કરે છે પણ તેમાં શાંતિ કે આનંદ ક્યાંથી મળે !

એ મનના મૃગલાંને પાછાં વાળજો રે લોલ,
જોડી દયો આતમ સરોવર રે આજ,
એને મળશે આતમસુખ અમુલા રે લોલ...

મનના મૃગલાંને પરવિષયથી છોડાવીને પાછા વાળીને સ્વવિષયમાં જોડી દયો તો અમૂલ્ય એવું આત્મસુખ મળશે. જેની દૃષ્ટિ પર્યાય, રાગ અને નિમિત્ત ઉપર છે તે બધાં વિષયના અને ભોગના જ અર્થી છે. સ્વવિષયને ધ્યેય બનાવવાની જરૂર છે તે તો કરતો નથી અને મફતનો હેરાન થઈને ભમે છે.

મિથ્યાત્વમૂળ અંતરે પડ્યાં રે લોલ,
ડાંખળા તોડ્યે વૃક્ષ ન સૂકાય,
તમે લે જો સમ્યકત્વ કુહાડી હાથમાં રે લોલ.

રાગમાં ધર્મ માનવો તે મિથ્યાત્વનું મૂળ છે એ જ્યાં સુધી કપાય નહિ ત્યાં સુધી મંદકષાય કરવાથી કાંઈ સંસાર-પરિભ્રમણ ઓછું ન થાય. મિથ્યાત્વના મૂળને કાપવા માટે તો સમ્યકત્વરૂપી કુહાડીનો ઉપયોગ કરવો પડે એટલે કે જ્ઞાનાનંદ સ્વભાવ નિજ ભગવાન આત્મામાં નજર કર તો તને સમ્યગ્દર્શન અને શાંતિ થશે અને મિથ્યાત્વરૂપી મૂળ છેદાશે. બાકી, ઝાંઝવામાં પાણી શોધવામાં તારી તૃષા નહિ છીપે ભાઈ ! આત્માની ઓળખાણ વગર માત્ર દેવ-શાસ્ત્ર-ગુરુને માનવાથી તારી તૃષા નહિ છીપે, કેમકે એ પણ પર દ્રવ્ય છે, પર દ્રવ્યના આશ્રયે જીવનું કલ્યાણ કદી ન થાય. પરદ્રવ્યના આશ્રયે જીવને વિકલ્પ અને રાગ જ થાય. માટે પરમાંથી કલ્યાણની આશા

રાખીશ તો મૃગલાંની જેમ હેરાન થઈશ. મારગ તો આવો છે. તેને બેસે કે ન બેસે પણ ત્રણકાળમાં માર્ગ તો આ જ છે. કેવળીએ કહેલો માર્ગ છે તેમાં કોઈપણ ફેરફાર કરીને બોલે તે વીતરાગનો માર્ગ નથી.

तैसैं भववासी मायाहीसौं हित मानि मानि.... જેમ મૃગજળમાં મૃગલાંને પાણી મળતું નથી તેમ ભવમાં ભમનારા જીવો શુભાશુભ ભાવરૂપી માયામાં વિકારમાં હિત લેવા જાય છે પણ મળતું નથી. શુભભાવમાં પણ મૃગજળ જેવી દશા છે ત્યાં ધર્મના પાણી નથી. પુણ્ય, પાપ, વિકલ્પ અને સંયોગ એ બધું માયામાં ગણાય છે તે જીવનું સ્વરૂપ નથી. તેમાંથી જ હિતની કામના રાખીને વર્તે છે તે પોતાની ભ્રમણાને પાકી કરતો થકો શ્રમ કરીને સંસારમાં નાચે છે.

आगेको धुकत धाइ पीछे बछरा चवाइ, જેમ આંધળો માણસ દોરી વણતો જાય પણ પાછળ વાછડો તેને ચાવતો જાય છે તેની એને ખબર નથી તેમ સમ્યગ્જ્ઞાનથી અંધ જીવ વ્યવહારની ક્રિયા કરી કરીને ધર્મની આશા રાખે છે પણ મિથ્યાત્વરૂપી વાછડો તેનું બધું નાશ કરી નાંખે છે તેની એને ખબર નથી. [ક્રમશઃ]

*

❀ આત્મપ્રાપ્તિ પુરુષાર્થથી થાય છે. કળશટીકામાં યત્નસાધ્ય નથી, કાળલબ્ધિથી થાય એમ કહ્યું છે એ તો અર્ધપુદ્ગલપરાવર્તન કાળ બાકી રહ્યો હોય ત્યારે જ આત્મપ્રાપ્તિ થાય એવો સિદ્ધાંત છે એ વાત ત્યાં સિદ્ધ કરવી છે. એને વિશ્વાસ આવી જવો જોઈએ કે મારો સ્વકાળ આવી જ ગયો છે. સબ અવસર આવી ગયો છે એમ વિશ્વાસ આવી જવો જોઈએ. સંસારમાં તો તેને રુચતી વાત તરત જ કરીશ એમ કહે છે. જે વસ્તુ તેનાથી થઈ શકતી નથી એને તરત જ કરવા કહે છે તો જે વસ્તુ પોતાની જ છે પોતાથી જ થઈ શકે છે એ તરત જ કેમ ન થાય ? એને વિશ્વાસ આવી જવો જોઈએ કે હું તો તરવાને પંથે જ જઈ રહ્યો છું, મારે એકાદ ભવ છે. જેમાં ભવ નથી એની દૃષ્ટિમાં ભવ હોય જ નહિ.

❀ શ્રદ્ધાનમાં વિપરીતતા હોવાથી સમ્યક્ અટકે છે—થતું નથી અને પુરુષાર્થની નબળાઈથી ચારિત્ર અટકે છે—પ્રગટતું નથી. છતાં સમ્યક્ નહિ થવામાં શ્રદ્ધાનની વિપરીતતાને બદલે પુરુષાર્થની નબળાઈ માનવી એ તો ડુંગર જેવડા મહાન દોષને રાય સમાન અલ્પ જાણે છે; તે ડુંગર જેવડા મહાન દોષને છેદી શકે નહિ.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

## (હિસાબી-અહેવાલ તા. ૧-૪-૨૦૦૧ થી તા. ૩૧-૩-૨૦૦૨ તથા નિવેદન)

શ્રી કહાનગુરુ-ભક્ત મુમુક્ષુસમાજ,

સવિનય નિવેદન કે આપણા તારણહાર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સોનગઢ (સુવર્ણપુરી)માં અધ્યાત્મધર્મનો લાભ લેવા માટે ઘણા મુમુક્ષુઓ કાયમી વસવાટ કરે છે તથા બહારગામથી અવારનવાર ઘણા મુમુક્ષુઓ પધારે છે. આ તીર્થધામનો વહીવટ આપ સૌના સહયોગથી આપણું ઉપરોક્ત ટ્રસ્ટ (સંસ્થા) કરી રહેલ છે. દર વર્ષની માફક, આ સાથે તા. ૧-૪-૨૦૦૧ થી ૩૧-૩-૨૦૦૨નાં વર્ષનાં ઓડીટ થયેલ સરવૈયાં, આવક-જાવકના હિસાબો સહિત રજુ કરીએ છીએ, જે ઉપરથી આપને આ ટ્રસ્ટના વહીવટ સંબંધી, આવક-ખર્ચની તથા અન્ય જાણકારી મળી શકશે, અને જેથી આપને સંતોષ થશે એવી આશા રાખીએ છીએ.

(૧) આ વર્ષ દરમ્યાન બધા મહોત્સવો ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યા છે. બહારગામથી યાત્રીઓ અને મુમુક્ષુઓ સારી સંખ્યામાં અવારનવાર આવે છે. દરેકને સારી સગવડ આપવાની કાળજી લેવામાં આવે છે. શ્રી જન્મજયંતી-મહોત્સવનો ખર્ચ જેમના તરફથી જન્મજયંતી ઉજવાય છે તેમના તરફથી આપવામાં આવે છે.

(૨) આ સાથેનો સંસ્થાનો હિસાબ જોતાં આવક-ખર્ચનો ખ્યાલ આવશે. તા. ૧-૪-૨૦૦૧ થી ૩૧-૩-૨૦૦૨ના વર્ષ દરમ્યાન કુલ આવક રૂા. ૪૯,૨૮,૮૫૦ છે તે ગયા વર્ષ કરતાં વધારે છે અને કુલ ખર્ચ રૂા. ૫૦,૬૬,૧૩૫ થયેલ છે. વરસ આખરે તુટ રૂા. ૧,૩૭,૨૮૫ છે. ખર્ચ પૂરતી આવક નથી, કેમ કે વ્યાજની આવક તો હવે તેથી પણ ઓછી થશે.

(૩) સરવૈયા મુજબ વરસ આખરે ધ્રુવફંડ (Corpus) ખાતે રૂા. ૨,૨૮,૮૮,૩૭૮ છે આ રકમમાં વર્ષ દરમ્યાન રૂા. ૧૨,૧૪,૮૪૯ વધારો થયેલ છે. આ ધ્રુવફંડનું વ્યાજ વાપરવાનું હોય છે. ધ્રુવફંડ પૂરતી રકમનું રોકાણ રાખવું જોઈએ. તે બાબત કાળજી લેવામાં આવે છે.

(૪) સરવેયા મુજબ ચાલુ ફંડોમાં રૂા. ૧,૧૫,૪૮,૭૨૧ વરસ આખરે બાકી રહે છે. આ રકમ જે તે ખાતે હોય તેમાં વાપરવાની હોય છે. અને તે રકમ તથા ધ્રુવફંડની રકમ બંને ભેગી કરતાં જે આપણી પાસે રોકાણ તરીકે રકમ જોઈએ, તે ઓછી છે. જેથી આ રકમ વધુ રહે એટલું રોકાણ મળે તે બાબત આપ સૌને વિચારવા જણાવીએ છીએ.

(૫) પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની તોપભૂમિ સોનગઢ તીર્થધામનો લાભ લેવા આવનાર યાત્રીઓ-મહેમાનો માટે શ્રીમતી કળાબેન હસમુખલાલ વોરા દિ. જૈન અતિથિ ભવન નિર્માણ થયેલ છે. આ ભવનમાં ૮૦ રૂમો છે. ગરમ પાણીની વ્યવસ્થા તથા બધી રૂમોમાં કબાટ, જે શ્રીમતી વીણાબેન છબીલદાસ શાહ (વઢવાણ) તરફથી ભેટ આપવામાં

આવેલ છે તથા દરેક કબાટમાં સ્વાધ્યાય અર્થે શાસ્ત્રો તથા દર્શન માટે ભગવાન, ગુરુદેવશ્રી તથા બહેનશ્રીના ત્રણ ફોટા રાખેલ છે. સાફસફાઈ સારી રીતે થાય છે. દરેક સગવડતા હોવાથી મહેમાનોને સંતોષ થાય છે અને આવું બીજું ભવન નિર્માણ થાય તેવી ભાવના વ્યક્ત કરે છે અને જો મોટું દાન મળે તો આ બાબત આયોજન કરવાનું વિચારી શકાય.

(૬) જિનાયતનના જિર્ણોદ્ધાર, રંગરોગાન, મરામત વગેરેનું કામ સ્વાધ્યાયમંદિરના કંપાઉન્ડમાં આવેલ જિનાયતોનું કામ પૂરું થયું છે અને હવે શ્રી કહાનગુરુપ્રભાવના દર્શન (પ્રવચનમંડપ)નું કામ ચાલુ છે અને દરેક મિલ્કતો, ગેસ્ટ-હાઉસ વગેરેનું કામ એક પછી એક ચાલુ જ હોય છે.

(૭) પુસ્તકવિભાગમાં સારી રીતે પ્રગતિ થઈ રહી છે. શ્રી પ્રવચનસારનું પ્રકાશન થઈ ગયું છે. પુસ્તક વિભાગમાં સાહિત્યપ્રકાશનસમિતિ સુંદર રીતે કામ બજાવી રહેલ છે. બીજાં પુસ્તકોનું પણ પ્રકાશન કરવામાં આવેલ છે. સ્થાયી પુરસ્કર્તામાં દાનની રકમ પણ સારી આવે છે. તેનો પ્રતિસાદ પણ સારો મળે છે. પુસ્તકવિભાગનું કામ સારી રીતે ચાલી રહ્યું છે.

(૮) પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનોની ઓડીયો સીડી અને વીડીયો સીડી તથા પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા અને જ્ઞાનવૈભવની વીડીયો સીડી તૈયાર કરવામાં આવી છે. તથા તેનું વેચાણ ચાલું છે. કેસેટ-વિભાગનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું છે.

(૯) પૂજ્ય કૃપાળુ સદ્‌ગુરુદેવશ્રીના જીવન-ઝરમરની દસ્તાવેજી ફિલ્મનું કામ પૂરું થવામાં છે. આ અંગે ફિલ્મના પૂરા ખર્ચની રકમ શ્રી કાંતિલાલ અમીચંદ કામદાર-પરિવાર, મદ્રાસ (ચેન્નઈ), હસ્તે પ્રવીણાબેન, અશ્વિનભાઈ તથા ભરતભાઈ તરફથી મળેલ છે.

(૧૦) આપણા ટ્રસ્ટ અંતર્ગત, 'શ્રી કહાનસૂર્ય દિ. જૈન ભોજનસમિતિ' ભોજનાલયની સુંદર વ્યવસ્થા કરી રહેલ છે. જમનાર બધા સંતોષ વ્યક્ત કરે છે. નિઃશુલ્ક ભોજનવ્યવસ્થા ખર્ચને પહોંચી વળવા મોટી રકમનું દાન ધ્રુવફંડ ખાતે મળેલ હોવાથી તેનું વ્યાજ તથા અનેક નાની મોટી આવક થઈ રહેલ છે, જેથી તૂટને બદલે થોડો વધારો રહે છે, જે આ સાથેના હિસાબથી જાણી શકાશે.

(૧૧) ઉપરોક્ત હિસાબી અહેવાલ તથા હિસાબો જોતાં આપ સૌને ટ્રસ્ટની કાર્યવાહી, આવક-જાવક બાબત જાણકારી મળી શકશે. ઘણા એવા ખ્યાલમાં છે કે ટ્રસ્ટ પાસે મોટી રકમ છે, જેથી સોનગઢમાં ફંડની જરૂર નથી પણ એમ નથી. આપણા ટ્રસ્ટમાં અત્યારે જે આવક છે તેના પ્રમાણમાં ખર્ચ થાય છે; પણ બધાની અપેક્ષા મુજબ ઘણી જરૂરિયાત છે; તેના પ્રમાણમાં મોટું ફંડ ટ્રસ્ટ પાસે નથી. જેથી બધાં મોટાં કામો થઈ શકતા નથી. એ માટે મોટું ફંડ ઊભું કરવાની જરૂર છે. માટે આ બાબત દરેકને વિચારવાની જરૂર છે. સોનગઢ-સંસ્થામાં લાખોના ખર્ચ સામે લાખોની આવક હોવી જોઈએ; તથા આપણાં બધાં જિનાયતનો, ભોજનાલય, ગેસ્ટહાઉસ વગેરેની જાળવણી કરવા, તેની વ્યવસ્થા માટે મોટા ફંડની જરૂર છે.

અમે કેટલીક યોજનાઓ બનાવી રહ્યા છીએ જે હવે પછી જાહેર કરવામાં આવશે.

ઉપરોક્ત હિસાબો જોવાની જેમને ઇચ્છા હોય તેઓએ સેક્રેટરીને લેખિત જાણ કરવાથી સંમતિ આપે તે દિવસે આપ જોઈ શકશો.

ટ્રસ્ટીઓ,

તા. ૧-૧-૨૦૦૩ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ

*

## શ્રી, દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ સંચાલિત
## શ્રી કહાન-સૂર્ય દિગંબર જૈન ભોજનસમિતિ, સોનગઢ

તા-૩૧-૩-૨૦૦૨નાં પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું

| આવક | રકમ | ખર્ચ | રકમ |
|---|---|---|---|
| ભોજન આવક | ૧૦,૧૬,૭૧૫ | દૂધ, શાકભાજી, બળતણ, પોસ્ટેજ, પગાર ટેલીફોન, ઇલેક્ટ્રીક-રીપેરીંગ, કોઠાર વપરાશ વિગેરે | ૨૨,૩૧,૦૦૬ |
| કાયમી જમણનાં ખર્ચના સ્વાધ્યાયમંદિર પાસેથી | ૨,૭૦,૮૭૫ | ખર્ચ કરતાં આવકનો વધારો સરવૈયામાં ઉપજ-ખર્ચ ખાતે જમા | ૧,૦૩,૨૩૯ |
| ફોટા ફંડના વ્યાજનાં, કાયમી ભોજનતિથિ તથા ધ્રુવફંડના | ૮,૮૧,૭૫૬ | | |
| બેન્ક-વ્યાજ | ૧૩,૭૩૩ | | |
| ભંગાર વેચાણ | ૪,૧૦૩ | | |
| કેશ-વટાવ | ૧,૦૩૧ | | |
| સાધારણ-ગેસ્ટહાઉસ ભાડા આવક | ૧,૪૬,૦૩૨ | | |
| | ૨૩,૩૪,૨૪૫ | | ૨૩,૩૪,૨૪૫ |

## તા. ૩૧-૩-૨૦૦૨ના રોજ પૂરા થતાં વર્ષનું સરવૈયું

| ફંડ જવાબદારી | રકમ | મિલ્કત-લેણાં | રકમ |
|---|---|---|---|
| સ્વામીવાત્સલ્ય ખુશાલી ફંડ | ૩,૬૦,૧૨૧ | કોઠાર સ્ટોક | ૪,૮૦,૪૪૬ |
| ડીપોઝીટ | ૬૮૦ | ડેડસ્ટોક | ૧,૪૧,૮૭૧ |
| અન્ય જવાબદારી | ૧૧,૦૦૦ | અન્ય લેણાં | ૪૨,૫૯૩ |
| ઉપજ ખર્ચ ખાતું | ૪,૧૩,૩૦૫ | બેન્ક ઓફ ઇન્ડિયા સેવિંગ | ૮૬૭ |
| ગ.વ. મુજબ ૩,૧૦,૦૬૬ | | બેન્ક ઓફ ઇન્ડિયાની F.D. | ૧,૧૮,૫૧૪ |
| ચાલુ સાલનો વધારો ૧,૦૩,૨૩૯ | | પુરાંત | ૮૧૫ |
| | ૭,૮૫,૧૦૬ | | ૭,૮૫,૧૦૬ |

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ તા. ૩૧-૩-૨૦૦૨નાં રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક

| આવક | ૩૧-૩-૨૦૦૧ | ૩૧-૩-૨૦૦૨ | જાવક | ૩૧-૩-૨૦૦૧ | ૩૧-૩-૨૦૦૨ |
|---|---|---|---|---|---|
| ભાડા | ૧૯,૪૮૨ | ૧૯,૮૨૫ | મિલ્કત-મરામત | ૨,૭૬,૮૬૩ | ૧૧,૦૩,૧૦૦ |
| વ્યાજ ખાતે | ૭,૨૯,૦૨૧ | ૮,૨૮,૪૮૭ | વીમા પ્રીમીયમ | ૧૫,૭૪૪ | ૧૧,૮૩૫ |
| ડીવીડન્ડ વ્યાજ | ૧૪,૫૮,૫૯૪ | ૧૩,૯૧,૪૩૧ | વહીવટી-ખર્ચ | ૭૪,૬૦૬ | ૭૭,૮૭૧ |
| અન્ય વ્યાજ | ૨૫૦ | -- | ઓડીટ-ખર્ચ | ૧૪,૯૨૫ | ૧૪,૪૧૬ |
| દાન ખાતે | ૧૨,૧૬,૯૭૪ | ૧૬,૬૬,૧૪૯ | ચેરીટી કમીશ્નર ફાળો | ૮૨,૪૨૩ | ૫૦,૦૦૦ |
| ગુપ્ત ભંડાર | ૩,૬૩,૪૦૧ | ૩,૪૭,૧૫૭ | કાનુની ખર્ચ | ૧,૦૦૦ | ૧૦,૮૧૦ |
| અન્ય આવક | ૪૭,૪૮૯ | ૫૬,૦૧૩ | અન્ય ખર્ચ | ૨,૪૯૯ | ૧,૫૯૦ |
| કાયમી ફંડો ખાતેથી | | | વ્યાજ-ખર્ચ | ૬,૧૨૦ | ૪,૫૯૦ |
| ટ્રાન્સફર | ૮,૨૩,૨૪૭ | ૬,૧૯,૭૮૮ | રીઝર્વ ફંડથી લાવ્યા | ૧૫,૭૩,૬૮૬ | ૧૯,૧૧,૪૩૨ |
| તૂટ સરવૈયામાં | -- | ૧,૩૭,૨૮૫ | ધાર્મિક હેતુ ખર્ચ | ૧૬,૪૬,૪૩૮ | ૧૮,૮૦,૪૯૧ |
| | | | વર્ષ આખરે વધારો | ૯,૬૪,૧૫૪ | -- |
| | ૪૬,૫૮,૪૫૮ | ૫૦,૬૬,૧૩૫ | | ૪૬,૫૮,૪૫૮ | ૫૦,૬૬,૧૩૫ |

## તા. ૩૧-૩-૨૦૦૨નાં રોજ પૂરા થતા વર્ષનું સરવૈયું

| ફંડો-જવાબદારી | ૩૧-૩-૨૦૦૧ | ૩૧-૩-૨૦૦૨ | મિલ્કતલેણું | ૩૧-૩-૨૦૦૧ | ૩૧-૩-૨૦૦૨ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૧૩૭૦૩૩૨ | ૧૩૭૦૩૩૨ | સ્થાવર મિલ્કત | ૨૪૫૯૪૨૬૬ | ૨૯૬૨૨૬૯૪ |
| મિલ્કત ફંડ | ૧૨૪૪૮૬૨૩ | ૧૨૪૪૮૬૨૩ | ડેડસ્ટોક ફર્નીચર | ૩૯૨૮૭૬ | ૩૯૨૮૭૬ |
| કાયમી ફંડ | ૨૧૬૭૩૫૨૯ | ૨૨૮૮૮૩૭૮ | જંગમ મિલ્કત | ૧૧૮૪૨૯૯ | ૨૬૪૨૬૭૧ |
| ચાલું ફંડ | ૫૮૨૮૩૨૯ | ૧૧૫૪૮૭૨૧ | પુસ્તક, કાગળ સ્ટોક | | -- |
| રૂમ બ્લોક ડીપોઝીટ | ૧૪૫૦૨૭૫ | ૨૨૧૮૨૭૫ | પુસ્તક પ્રીન્ટીંગ | ૩૧૪૩૩૨૭ | ૨૮૮૭૬૦૧ |
| અન્ય દેવા | ૧૩૬૩૬૩૮ | ૨૦૭૦૫૨૫ | જૈન અતિથી સેવા સમિતિ | ૧૦૯૯૧૧૫ | ૧૨૨૦૮૭૪ |
| ઉપજ-ખર્ચ બાકી | ૮૩૩૧૦૧૭ | ૮૧૯૩૭૩૫ | અન્ય લેણાં | ૬૫૫,૨૫૨ | ૯૩૪૨૪૩ |
| | | | રોકાણો | ૨૦૫૭૪૯૦૨ | ૨૨૩૨૬૮૧૫ |
| | | | બેંક બેલેંસ | ૭૯૨૫૧૨ | ૭૦૭૫૫૭ |
| | | | રોકડ | ૨૯૧૯૪ | ૩૨૫૮ |
| | ૫૨૪૬૫૭૪૩ | ૬૦૭૩૮૫૮૯ | | ૫૨૪૬૫૭૪૩ | ૬૦૭૩૮૫૮૯ |

તા. ૧-૪-૨૦૦૧ થી તા. ૩૧-૩-૨૦૦૨ કુલ આવક વર્ષ દરમ્યાન

| | | |
|---|---|---|
| કાયમી ફંડોમાં ઉમેરો | ૧૨,૧૪,૮૪૯ | ધ્રુવફંડ ખાતે |
| ચાલુ ફંડોમાં ઉમેરો | ૫૭,૨૦,૩૯૨ | આ રકમ જે ખાતામાં હોય તે ખાતે વાપરવાની હોય છે. |
| | ૬૯,૩૫,૨૪૧ | |
| આવક દાન ભંડાર વ્યાજ | ૪૯,૨૮,૮૫૦ | |
| | ૧,૧૮,૬૪,૦૯૧ | |

[તા. ૯-૧-૨૦૦૩]

# સુવર્ણપુરી સમાચાર

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

★ ડિસેમ્બર માસની રજાઓમાં તા. ૨૪-૧૨-૨૦૦૨ થી તા. ૨-૧-૨૦૦૩ દસ દિવસ સુધી અધ્યાત્મ સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ટ્રસ્ટ તરફથી આયોજીત અધ્યાત્મતત્ત્વપ્રધાન શિક્ષણવર્ગ સુચારુ ચાલ્યો હતો.

★ **ૠષભનિર્વાણપર્વ :—** પોષ વદ ૧૪, શુક્રવાર, તા. ૩૧-૧-૨૦૦૩ના શુભ દિવસે પરમપૂજ્ય ભગવાન શ્રી આદિનાથના વિશાળ વીતરાગ ભાવવાહી મનોજ્ઞ જિનપ્રતિમા સમક્ષ, નંદીશ્વર જિનાલયમાં, 'શ્રી ૠષભનિર્વાણ'નું વાર્ષિક પર્વ વિશેષ પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

★ **સમ્યક્ત્વજયંતી :—** પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૧મી સમ્યક્ત્વજયંતી તા. ૨૩-૩-૨૦૦૩, રવિવારથી તા. ૨૭-૩-૨૦૦૩ ગુરુવાર (ફાગણવદ ૧૦) પાંચ દિવસ સુધી સોનગઢમાં સ્વાનુભવવિભૂષિત પૂજ્ય ભગવતી માતાની ચરણોપસેવિની કેટલાંક બ્રહ્મચારી બહેનો તરફથી ઉજવવામાં આવશે. નિમંત્રણપત્રિકાની લેખન તથા પ્રેષણની મંગલવિધિ સોનગઢમાં તા. ૫-૩-૨૦૦૩, બુધવારના દિવસે કરવામાં આવશે.

★ શ્રી રાજેન્દ્રભાઈ વસંતલાલ શાહ, મુંબઈ તરફથી લાકડાનો આબેહૂબ માનસ્તંભ તેમણે ભક્તિભાવપૂર્વક લગભગ રૂપિયા એક લાખના ખર્ચે તૈયાર કરાવેલ, જે માનસ્તંભ-કલશ-પ્રતિષ્ઠા-મહોત્સવ પ્રસંગે પ્રવચનસભામાં સ્ટેજ ઉપર મૂકવામાં આવેલ હતો.

★ પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીની આ પવિત્ર સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીનું અધ્યાત્મસાધનામય શાન્ત વાતાવરણ મુમુક્ષુઓને વિશેષ આકર્ષિત કરે છે. યાત્રિઓનું શુભાગમન પ્રતિદિન વધતું જાય છે. આ સાધનાતીર્થની આત્માર્થભીની આધ્યાત્મિક ગતિવિધિથી અધિક પ્રભાવિત થઈને સમાગત યાત્રિગણ ઘણા જ પ્રસન્ન થઈને ફરી ફરી અહીંયાં આવવાની ભાવના પ્રદર્શિત કરે છે.

—આ બધો પુનીત પ્રભાવ પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીના ધર્મપ્રભાવનાનો છે. અહો ! જયવંત વર્તો પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીની ધર્મોપકાર-છાયામાં પ્રતિદિન પ્રવર્ધમાન મંગલમય સ્વાનુભવપ્રધાન ધર્મપ્રભાવનોદય ! !

## વૈરાગ્ય-સમાચાર :—

નાગનેશનિવાસી (હાલ વસઈ) સ્વ૦ શ્રી ધીરજલાલ લાલચંદ શેઠનાં ધર્મપત્ની શ્રી ગજરાબેન (વર્ષ-૮૦) વસઈમાં તા. ૩૦-૧૧-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ બંને છેલ્લા ૧૩ વર્ષથી સોનગઢ સત્સમાગમ માટે રહેતા હતા.

ઉમરાળાનિવાસી શ્રી જયંતીલાલ રતીલાલ કિકાણી (વર્ષ-૭૦) તા. ૧૧-૧૧-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સાવરકુંડલાનિવાસી પ્રવિણચંદ્ર મગનલાલ કામદાર (વર્ષ-૫૦) તા. ૩-૧૨-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તત્ત્વ-જિજ્ઞાસુ હતા; જાગૃતિપૂર્વક દેહવિલય પામ્યા હતા.

સુરેન્દ્રનગરનિવાસી (હાલ-મદ્રાસ) સંઘવી ધીરજલાલ વાડીલાલ (વર્ષ-૭૨) [–તે બ્ર. સુમિત્રાબેનના બનેવી] તા. ૧૬-૧૨-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવાર-નવાર સોનગઢ આવીને રહેતા હતા. તેમને સ્વાધ્યાયનો ઘણો રસ હતો.

અમદાવાદનિવાસી (મૂળ એરાણ) ડાહ્યાલાલ કચરાલાલ શહેરી (વર્ષ-૮૫) તા. ૧૦-૧૨-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ચેન્નાઈનિવાસી મનોહરજી ભૂરમલજી ભંડારી (વર્ષ-૪૨) તા. ૧૦-૧૨-૨૦૦૨ના રોજ શાંત પરિણામપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

ગુજરવદીનિવાસી હાલ અમદાવાદ શાહ અંબાલાલ ગુલાબચંદ (વર્ષ-૬૬) તા. ૧૧-૧૨-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. *

**પૂજ્ય ગુરુદેવશ્રીનું જન્મધામ ઉમરાળાનો ફોન નં. (૦૨૮૪૩) ૨૩૫૦૮૧**

### * પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ–ઉપકાર-અંજલિ અંક *

ગુજરાતી 'આત્મધર્મ'નો આગામી અંક ફેબ્રુઆરી તથા માર્ચના સંયુક્ત અંકના રૂપમાં 'પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ–ઉપકાર-અંજલિ' અંક તરીકે પ્રકાશિત કરવાનું શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢનું આયોજન છે. આ અંક માર્ચ ૨૦૦૩માં પ્રકાશિત થશે.

કહાનગુરુ-ધર્મોપકાર-છાયામાં ભગવતી માતાની અન્તેવાસી
કેટલાંક બ્રહ્મચારી બહેનો દ્વારા આયોજનાધીન સ્વાનુભવવિભૂષિત

## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૧મો

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાન્તકારી તથા સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ દેખાડી જેમણે આપણા પર અસીમ ઉપકાર કર્યો છે એવા આપણા પરમ-તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો 'ભાવિતીર્થંકરદ્રવ્ય'રૂપ લોકોત્તર મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૧મી વાર્ષિક સમ્યક્ત્વજયંતી તા. ૨૭-૩-૨૦૦૩, (ફાગણ વદ-૧૦)ના રોજ છે. આ મંગલ અવસર, તા. ૨૩-૩-૨૦૦૩ થી તા. ૨૭-૩-૨૦૦૩—પાંચ દિવસ સુધી, શ્રી ચોસઠઋદ્ધિમંડલવિધાનપૂજા, વીતરાગ તત્ત્વજ્ઞાનની ઉપાસના તથા વીતરાગ દેવ-ગુરુભક્તિ વગેરે વિભિન્ન રોચક કાર્યક્રમપૂર્વક 'સમ્યક્ત્વ-જયંતી-મહોત્સવ'ના રૂપમાં, પૂજ્ય કહાનગુરુદેવના ઉપકાર તળે પૂજ્ય ભગવતી માતાની અન્તેવાસી કેટલાંક બ્રહ્મચારી બહેનો તરફથી અતિ-આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે. સમ્યગ્દર્શન તથા સ્વાનુભૂતિની મહિમાના આ શુભાવસર પર સમસ્ત મુમુક્ષુ સમાજને સોનગઢ પધારવા આયોજક બ્રહ્મચારી બહેનો તરફથી હાર્દિક નિમંત્રણ છે.

નિવેદક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ

卐

अन्य क्षेत्रे कृतं पापं, धर्मक्षेत्रे विनष्यति।
धर्मक्षेत्रे कृतं पापं, वज्रलेपो भविष्यति॥

❀ ❀ ❀

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334

4179 PRANLAL. P. KAMDAR.
"KAHAN- RSAN "
NEAR P VCHAN MANDAP
SON DH -364250